## એકેડેમીક કાઉન્સીલની બેઠકનો અહેવાલ

આઇ.આઇ.ટી.ઇ. ખાતે તા. ૧૬/૦૫/૨૦૧૯ના રોજ_બપોરે ૪.૦૦ કલાકે માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એકેડેમીક કાઉન્સીલની બેઠક મળેલ હતી, જેમાં નીચેના સભ્યો હાજર રહેલ હતા.

- ડો. હર્ષદ પટેલ, કુલપતિશ્રી, આઇ.આઇ.ટી.ઇ. — અધ્યક્ષ
- ડો. કલ્પેશ પાઠક, ડાયરેક્ટર સેન્ટર ઓફ એજ્યુકેશન, આઇ.આઇ.ટી.ઇ. — સભ્ય
- ડો. પ્રેરણા શેલત, ડાયરેક્ટર સેન્ટર ઓફ રિસર્ચ, આઇ.આઇ.ટી.ઇ. — સભ્ય
- ડો. દિવ્યા શર્મા, ડાયરેક્ટર સેન્ટર ઓફ ટ્રેનીંગ, આઇ.આઇ.ટી.ઇ. — સભ્ય
- ડો. ભરત જોશી, સભ્યશ્રી, કાઉન્સીલ ઑફ રિસર્ચ, આઇ.આઇ.ટી.ઇ. — સભ્ય
- ડો. ટી. એસ. જોશી, સભ્યશ્રી, કાઉન્સીલ ઑફ રિસર્ચ, આઇ.આઇ.ટી.ઇ. — સભ્ય
- ડો. ભરત રામાનુજ, સભ્યશ્રી, કાઉન્સીલ ઑફ રિસર્ચ, આઇ.આઇ.ટી.ઇ. — સભ્ય
- ડો. દિપ્તી ઓઝા, સભ્યશ્રી, કાઉન્સીલ ઑફ રિસર્ચ, આઇ.આઇ.ટી.ઇ. — સભ્ય
- ડો. સતિષપ્રકાશ શુક્લ, કાઉન્સીલ ઑફ રિસર્ચ, આઇ.આઇ.ટી.ઇ. — સભ્ય
- ડો. અમૃત ભરવાડ, કાઉન્સીલ ઑફ રિસર્ચ, આઇ.આઇ.ટી.ઇ. — સભ્ય
- ડો. મહેંદ્ર ચોટલીયા — વિશેષ આમંત્રિત
- ડો. મધુસુદન મકવાણા, રજીસ્ટ્રાર,આઈ.આઈ.ટી.ઇ. — સભ્ય-સચિવ

મિટિંગની શરૂઆતમાં સભ્ય-સચિવ તથા રજીસ્ટ્રાર દ્વારા એકેડેમીક કાઉન્સીલની યુનિવર્સિટીની આ પ્રથમ બેઠકમાં સર્વે સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું અને યુનિવર્સિટીના આગામી એકેડેમીક આયોજન માટે મળેલ આ બેઠકમાં ઉપસ્થિત રહેવા બદલ સર્વે સભ્યશ્રીઓનો આભાર માનવામાં આવ્યો. ત્યારબાદ મિટિંગનું કામકાજ શરૂ કરવામાં આવેલ હતું. મીટીંગમાં નીચે મુજબની ચર્ચા/નિર્ણયો અંગે ભલામણ થયેલ હતી.

**એજન્ડા-૧** આઈ.આઈ.ટી.ઇ., એક્ટ ૨૦૧૦ ની કલમ ૧૪(૩) અનુસાર, રાજય સરકારના થયેલ તમામ નિર્દેશોનું યુનિવર્સિટીએ ચુસ્તપણે પાલન કરવાનું રહે છે. રાજ્ય સરકારશ્રીના ઠરાવ મુજબ રાજ્યના ૧૯ ડાયટ (જિલ્લા શિક્ષણ અંતે તાલીમ ભવનો)માં ચાલતા બી.એડ. અને એમ.એડ. અભ્યાસક્રમોનું રાજ્યની ૯ યુનિવર્સિટીઓ ખાતેથી જોડાણ વિલગ્ન કરી અત્રેની યુનિવર્સિટી ખાતે સંલગ્ન એટલે કે તબદીલ કરવાનું થાય, જે અનુસાર ૯ યુનિવર્સિટીના જાહેરનામા તથા ૧૯ ડાયટની દરખાસ્ત આવેલ છે. આઈ.આઈ.ટી.ઇ. એક્ટની કલમ-૬(૧) અને ૬(૧૮) તથા એકેડેમીક કાઉન્સિલને કલમ-૨૩(૩) અન્વયે મળેલ સત્તા અનુસાર, જોડાણ બાબતે નિર્ણય અંગે.

**ઠરાવ-૧** આઈ.આઈ.ટી.ઇ. એક્ટ ૨૦૧૦ની જોગવાઈ, રાજ્ય સરકારશ્રીના ઠરાવને ધ્યાને લેતા અને રાજ્યના ૧૯ ડાયટ (જિલ્લા શિક્ષણ અંતે તાલીમ ભવનો)માં ચાલતા બી.એડ. અને એમ.એડ. અભ્યાસક્રમોનું રાજ્યની ૯ યુનિવર્સિટીઓ ખાતેથી જોડાણ વિલગ્ન કરી અત્રેની યુનિવર્સિટી ખાતે સંલગ્ન એટલે કે તબદીલ કરવાના સરકારશ્રીના મળેલ નિર્દેશને ધ્યાને લેતા, તેમજ ૯ યુનિવર્સિટીના જાહેરનામા તથા ૧૯ ડાયટની દરખાસ્તની તમામ વિગતો ધ્યાને લઇ તે અંગે ચર્ચા વિચારણાને અંતે સભ્યશ્રીઓ દ્વારા સદર બાબતે રાજય સરકારશ્રીના મળેલ નિર્દેશ અનુસાર સદર ડાયટને મળેલ જોડાણ અત્રેની યુનિવર્સિટી ખાતે તબદીલ કરવાની ભલામણ સ્વિકાર રાખવી તેમજ સદર ડાયટ સ્ટાફ તેમજ અન્ય આનુસંગિક બાબતોની એનસીટીઇ, રાજય સરકાર અને આ યુનિવર્સિટીની વખતો વખતની જોગવાઇનું પાલન કરે તેવી શરત સાથે એલ.આઈ.સી.ની કામગીરી પૂર્ણ કરવી તથા જોડાણ આપવું તેમ ઠરાવવામાં આવ્યું.



Scanned with CamScanner

એજન્ડા-૨ યુનિવર્સિટી ખાતે વર્ષ ૨૦૧૯-૨૦ થી બે વર્ષીય એમ.એડ. કોર્સ શરૂ કરવા અંગે, એમ.ફીલ. શરૂ કર્યાની મંજૂરી અંગે, એન.સી.ટી.ઇ. દ્વારા બી.એડ.એમ.એડ. ઇન્ટિગ્રેટેડ પ્રોગ્રામની મંજૂરી મળ્યાની જાણ અંગે, યુનિવર્સિટી ખાતે ચાલતા વિવિધ યુ.જી. તથા પી.જી. કોર્સ માટે આગામી વર્ષના એડમિશનના આયોજન તથા નિર્ણય હેતુ, યુનિવર્સિટી ખાતે નવા ચાલુ થયેલ બે વર્ષીય બી..એડ., એમ.એડ. તથા એમ.ફીલ. કોર્સના અભ્યાસક્રમ તથા પ્રવર્તમાન અભ્યાસક્રમના માળખાની ચર્ચા વિચારણા તથા મંજૂરી હેતુ.

ઠરાવ-૨ યુનિવર્સિટી ખાતે વર્ષ ૨૦૧૯-૨૦ થી બે વર્ષીય એમ.એડ. તથા એમ.ફીલ. કોર્સ શરૂ કરવાનું મંજૂર રાખવાનું ઠરાવવામાં આવેલ, એન.સી.ટી.ઇ. દ્વારા બી.એડ.એમ.એડ. ઇન્ટિગ્રેટેડ પ્રોગ્રામની મંજૂરી મળ્યાનું જાણ પર લેવામાં આવેલ અને આવા પ્રકારના કોર્સ શરૂ કરવાની યુનિવર્સિટીની કામગીરીને બિરદાવવામાં આવી.

વધુમાં વેસ્ટર્ન રીજઓનલ કાઉન્સીલ, એન.સી.ટી.ઇ. દ્વારા તેની ૦૨ થી ૦૪ એપ્રિલ, ૨૦૧૯ની ૩૦૪મી મીટિંગમાં નિર્ણય કરવામાં આવ્યો હતો તે મુજબ આઈ.આઈ.ટી.ઇ.ને આગામી શૈક્ષણિક સત્રથી બી.એડ.એમ.એડ. માટે મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ વેસ્ટર્ન રીજઓનલ કાઉન્સીલ, એન.સી.ટી.ઇ.ની દ્વારા તેની ૧૫ થી ૧૬ એપ્રિલ, ૨૦૧૯ની ૨૦૫મી મીટિંગમાં આ નિર્ણયની પુનઃવિચારણા કરવામાં આવી, તે મુજબ આઈ.આઈ.ટી.ઇ.ને શૈક્ષણિક સત્ર ૨૦૨૦-૨૧થી બી.એડ.એમ.એડ. માટે મંજૂરી આપવામાં આવી. ગુજરાતનાં વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં લઈને આ બાબતે પુનઃવિચારણા કરવામાં આવે અને આઈ.આઈ.ટી.ઇ.ને આગામી શૈક્ષણિક સત્રથી બી.એડ.એમ.એડ. માટે મંજૂરી આપવામાં આવે તે માટે એન.સી.ટી.ઇ.માં રજૂઆત કરવી એમ ઠરાવવામાં આવ્યું.

આગામી વર્ષમાં યુનિવર્સિટી ખાતે ચાલતા વિવિધ યુ.જી. તથા પી.જી. કોર્સમાં કરવાના થતાં એડમિશનના આયોજનમાં નીચે મુજબની ભલામણ કરવામાં આવેલ હતી.

- યુ.જી.માં NCTE ની મળેલ માન્યતા અનુસાર મળેલ સીટો મુજબ બંને કોર્સમાં એડમિશન કરવા
- બે વર્ષીય બી..એડ., એમ.એડ. અને એમ.ફીલ. કોર્સના તૈયાર થયેલ અભ્યાસક્રમ તથા પ્રવર્તમાન અભ્યાસક્રમના માળખાને સર્વાનુમતે મંજુર રાખવાનું ઠરાવવામાં આવ્યું.

એજન્ડા-3

- આગામી એકેડેમીક વર્ષ: ૨૦૧૯-૨૦ માં આઈ.આઈ.ટી.ઈ. ખાતે પી.એચડી./એમ.ફિલ.ના એડમીશન અર્થે RDCની રચના કર્યાનું જાણ તથા બહાલી અંગે ચર્ચા વિચારણા અર્થે.
- પી.એચડી./એમ.ફિલ. તથા જે.આર.એફ. અંગેના યુનિવર્સિટીના રચાયેલ ઓર્ડિનન્સની બહાલી અર્થે.
- યુનિવર્સિટી ખાતે વર્ષ ૨૦૧૯-૨૦માં આપવાના થતાં પી.એચડી./એમ.ફિલ. તથા જે.આર.એફ. પ્રવેશની પ્રવેશ સંખ્યા નક્કી કરવા હેતુ ચર્ચા વિચારણા અર્થે.
- યુનિવર્સિટી ખાતે વર્ષ ૨૦૧૯-૨૦માં આપવાના થતાં પી.એચડી./એમ.ફિલ. તથા જે.આર.એફ. પ્રવેશ હેતુ, જે.આર.એફ. તથા જી.ડી.પી.આઈ. અંગે કમિટી રચના અંગે તથા આગળની કાર્યવાહી હેતુ ચર્ચા વિચારણા અંગે.
- પી.એચડી. તથા એમ.ફીલ. માટે યુનિવર્સિટી ખાતેના એસોસીએટ પ્રોફેસર ડો. દિવ્યા શર્મા તથા આસીસ્ટન્ટ પ્રોફેસર ડો. રાજેશ રાઠોડને ગાઇડશીપ મંજૂર રાખ્યાની જાણ અંગે.



Scanned with CamScanner

ઠરાવ-૩ સભ્યશ્રીઓએ ચર્ચા વિચારણાને અંતે નીચેની બાબતોને બહાલ રાખવાનું ઠરાવવામાં આવેલ હતું

- આગામી એકેડેમીક વર્ષ: ૨૦૧૯-૨૦ માં આઈ.આઈ.ટી.ઈ. ખાતે પી.એચડી./એમ.ફિલ.ના એડમીશન અર્થે RDCની રચનાને બહાલી આપવામાં આવી.
- પી.એચડી./એમ.ફિલ. તથા જે.આર.એફ. અંગેના યુનિવર્સિટીના રચાયેલ ઓર્ડિનન્સને બહાલી આપવામાં આવી.
- પી.એચ.ડી. તથા એમ.ફીલ. માટે યુનિવર્સિટી ખાતેના એસોસીએટ પ્રોફેસર ડો. દિવ્યા શર્મા તથા આસીસ્ટન્ટ પ્રોફેસર ડો. રાજેશ રાઠોડને ગાઇડશીપ મંજૂરીને બહાલ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

તદ્ઉપરાંત, પી.એચ.ડી./એમ.ફિલ. તથા જે.આર.એફ.ની પ્રવેશ સંખ્યા બાબતે હાલ ગાઈડની ખાલી પ્રવર્તમાન બેઠકો અનુસાર કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું. જી.ડી.પી.આઈ. અંગે કમિટી રચના અંગે હાલમાં રચાયેલ RDCના સભ્યશ્રીઓને સદર કામગીરી સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

એજન્ડા-૪

- બી.એસ.સી.બી.એડ. તથા એમ.એસ.સી.એમ.એડ.માં હાલમાં બોટની મુખ્ય વિષય તરીકે આપવામાં આવે છે. બદલાતા પ્રવાહો તથા વિદ્યાર્થીઓની માંગને ધ્યાને લેતા ઝૂઑલોજીને પણ મુખ્ય વિષય તરીકે આપવાનું શૈક્ષણિક વર્ષ: ૨૦૧૯-૨૦ થી નક્કી કરવામાં આવેલ છે તેની બહાલી અંગે.
- બી.એ.બી.એડ. તથા એમ.એ.એમ.એડ.માં હાલમાં મુખ્ય વિષય તરીકે અંગ્રેજી વિષય આપવામાં આવે છે. તે ઉપરાંત, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્રને મુખ્ય વિષય તરીકે આપવાનું શૈક્ષણિક વર્ષ: ૨૦૧૯-૨૦ થી નક્કી કરવામાં આવેલ છે તેની બહાલી અંગે.

ઠરાવ-૪ બી.એ.બી.એડ. માં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ભૂગોળ, ઇતિહાસ, ઇકોનોમિક્સ જેવા વિષયો મુખ્ય વિષય તરીકે આપવા અને તેજ રીતે એમ.એ.એમ.એડ. ના અભ્યાસક્રમમાં પણ આ વિષયો આપવા. તદનુસાર, બી.એસ.સી.બી.એડ. તથા એમ.એસ.સી.એમ.એડ.માં પણ મેથેમેટીક્સ, ફિઝીક્સ, કેમેસ્ટ્રી તથા બોટની વિષયો આપવામાં આવે છે, તેની સાથે બદલાતા પ્રવાહો સાથે વિદ્યાર્થીઓ પણ પોતાની પસંદગી અનુસાર ઝૂઑલોજીમાં પણ મુખ્ય વિષય તરીકે આપી સકે તેવી વ્યવસ્થા કરવી હિતાવહ છે. તદ્ઉપરાંત, ચોઈસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમનો મૂળભૂત હેતુ પણ વિદ્યાર્થી પસંદગીના વિષયો મેળવી શકે તે હોઈ આવા વિષયો આપવા જોઇએ તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. હાલમાં યુ.જી. તથા પી.જી.ના ઇન્ટિગ્રેટેડ ટીચર એજયુકેશનના પ્રોગ્રામમાં જ એડમિશન કરવા તેમ ઠરાવવામાં આવ્યું અને સદર બાબતને બહાલ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

એજન્ડા-૫ યુનિવર્સિટી ખાતે એક્ટ તથા સ્ટેચ્યુટની જોગવાઈ અનુસાર, વિવિધ સેન્ટરની રચના તથા તે અનુસાર વિવિધ ઉભા કરાયેલા ડિપાર્ટમેન્ટની રચના કર્યાની જાણ તથા બહાલી અર્થે.

ઠરાવ-૫ યુનિવર્સિટીની મૂળભૂત કામગીરી પૈકી, એકેડેમીક અને રિસર્ચની કામગીરીને વેગ આપવા એક્ટની જોગવાઈ અનુસાર રચાયેલ સેન્ટર ઓફ એજ્યુકેશન, સેન્ટર ઓફ ટ્રેનીંગ, સેન્ટર ઓફ રિસર્ચ, સેન્ટર ઓફ એક્સટેન્શન તથા સેન્ટર ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન જેવા સેન્ટરોની રચના તથા તે અંતર્ગત, ડિપાર્ટમેન્ટ ઓફ સ્કિલ, ડિપાર્ટમેન્ટ ઓફ ક્યુરીક્યુલમ ડેવલપમેન્ટ, ડિપાર્ટમેન્ટ ઓફ ટેસ્ટીંગ, ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિકેશન, ડિપાર્ટમેન્ટ ઓફ લર્નિંગ મટીરિયલ એન્ડ ડેવલપમેન્ટ, ડિપાર્ટમેન્ટ ઓફ વિઝ્યુઅલ ઇમ્પેર્ડમેન્ટ, ડિપાર્ટમેન્ટ ઓફ મેન્ટલી રિટાર્ડેડ જેવા વિવિધ ઊભા કરાયેલ ડિપાર્ટમેન્ટની રચનાને બહાલ રાખવાનું ચર્ચા વિચારણને અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.



Scanned with CamScanner

એજન્ડા-૬ આઈ.આઈ.ટી.ઈ. ખાતે યુનિવર્સિટીના એક્ટ તથા સ્ટેચ્યુટમાં સૂચવાયેલ જોગવાઈ અનુસાર વિવિધ બોર્ડ ઓફ સ્ટડીઝની રચના કર્યાની જાણ તથા બહાલી અર્થે.

ઠરાવ-૬ સિલેબસ ગઠન માટે મહત્વની એવી અભ્યાસ સમિતિઓ અંગે એક્ટ તથા સ્ટેચ્યુટની જોગવાઈ અનુસાર રચાયેલ વિવિધ કુલ ૧૩ બોર્ડ ઓફ સ્ટડીઝની રચનાને બહાલ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

એજન્ડા-૭ આઈ.આઈ.ટી.ઇ. ખાતે ચાલતા વિવિધ ઈન્ટીગ્રેટેડ ટીચર એજ્યુકેશન પ્રોગ્રામ અંગે ૨૦૧૯ના એન.સી.ટી.ઇ.ના રેગ્યુલેશનનું એપેન્ડીક્ષ-૧૭ લાગુ પાડવાનું થાય, તે અનુસારની કાર્યવાહી અંગે ચર્ચા વિચારણા કરવા અંગે.

ઠરાવ-૭ એન.સી.ટી.ઇ. એ ટીચર એજ્યુકેશન પ્રોગ્રામ ચલાવવાનું નિયમન કરતી વૈધાનિક બોડી હોઈ, તેઓ દ્વારા વખતો વખત આપવામાં આવતી ગાઈડ-લાઇનનું અનુસરણ કરવું અનિવાર્ય હોઈ, વિવિધ ઈન્ટીગ્રેટેડ ટીચર એજ્યુકેશન પ્રોગ્રામ અંગે કર્મચારીની લાયકાત, સ્ટાફની નિમણૂક વિગેરે બાબતો માટે એન.સી.ટી.ઇ. રેગ્યુલેશન ૨૦૧૪નું એપેન્ડીક્ષ-૧૩, એન.સી.ટી.ઇ. રેગ્યુલેશન ૨૦૧૯નું એપેન્ડીક્ષ-૧૭ અને હવે પછી જે પણ રેગ્યુલેશન આપવામાં આવે તેને લાગુ પાડવાની કામગીરી તથા તેનું સૂચારું પાલન થવું જોઈએ. તેથી તે અનુસારની કામગીરી કરવાનું મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું.

એજન્ડા-૮ આઈ આઈ.ટી.ઇ. ખાતે ચાલતા વિવિધ શૈક્ષણિક અભ્યાસક્રમો માટે વર્ષ: ૨૦૧૯-૨૦ માટેનું એકેડેમીક કેલેન્ડર ચર્ચા વિચારણા તથા મંજૂર કરવા અંગે.

ઠરાવ-૮ આગામી વર્ષ:૨૦૧૯-૨૦ માટેનું તૈયાર થયેલ એકેડેમીક કેલેન્ડર ચર્ચા વિચારણાને અંતે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું.

એજન્ડા-૯ આઈ.આઈ.ટી.ઇ.ના વર્ષ ૨૦૧૮-૧૯ના વાર્ષિક અહેવાલની નોંધ લેવા અંગે.

ઠરાવ-૯ આઈ.આઈ.ટી.ઇ.ના વર્ષ ૨૦૧૮-૧૯ના વાર્ષિક અહેવાલની નોંધ લઈ તેને મંજૂર રાખવાનું ઠરાવવામાં આવેલ હતું.

એજન્ડા-૧૦ આઈ.આઈ.ટી.ઇ. ખાતે ચાલતા બી.એસ.સી.બી.એડ. તથા બી.એ.બી.એડ. પ્રોગ્રામમાં ચાલુ શૈક્ષણિક વર્ષથી એડમિશન લેતા મેરિટમાં પ્રથમ પાંચ ક્રમાંકના વિદ્યાર્થીઓ માટે જે તે અભ્યાસક્રમ માટે તેઓને સ્કોલરશીપની યોજના મંજૂર કરવા અંગે.

ઠરાવ-૧૦ આઈ.આઈ.ટી.ઇ. ખાતે ચાલતા બી.એસ.સી.બી.એડ. તથા બી.એ.બી.એડ. પ્રોગ્રામમાં ચાલુ શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થી પ્રોત્સાહન તથા સામાજિક જવાબદારીના ભાગરૂપે સ્કોલરશીપ આપવી તે આવકારદાયક પગલું છે, તેવો સર્વે સભ્યોએ મત વ્યક્ત કરતાં ચાલુ શૈક્ષણિક વર્ષથી એડમિશન લેતા મેરિટમાં પ્રથમ પાંચ ક્રમાંકના વિદ્યાર્થીઓ માટે યોજના અનુસાર, સ્કોલરશીપ હેતુ વાર્ષિક ધોરણે બન્ને સેમેસ્ટરની ટ્યુશન ફી રૂ. ૩૫૦૦૦/- અથવા ભવિષ્યમાં જે નિયત થાય એ રકમ નિયત કરવામાં આવી. જો વિદ્યાર્થી તેના અભ્યાસકાળ દરમ્યાન O+ ગ્રેડ જાળવી રાખે તે શરતે તેઓને સ્કોલરશીપ આપવાની યોજના મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું.

એજન્ડા-૧૧ આઈ.આઈ.એસ. યુનિવર્સિટી જયપુર ખાતે બી.એ.બી.એડ. સેમ. ૪માં અભ્યાસ કરતાં સુજયા દાસની અત્રેની યુનિવર્સિટી ખાતે સેમેસ્ટર-૫માં એડમિશન તબદીલ કરવા માટે આવેલ અરજી સંદર્ભે પ્રિન્સિપાલશ્રીના મળેલ રિપોર્ટ અંગે ચર્ચા અંગે.



Scanned with CamScanner

ઠરાવ-૧૧ આઈ.આઈ.એસ. યુનિવર્સિટી જયપુર ખાતે બી.એ.બી.એડ. સેમ. ૪માં અભ્યાસ કરતાં સુજયા દાસની અત્રેની યુનિવર્સિટી ખાતે સેમેસ્ટર-૫માં એડમિશન તબદીલ કરવા માટે આવેલ અરજી સંદર્ભે પ્રિન્સિપાલશ્રીના મળેલ રિપોર્ટ પર વિચાર કરતાં અને આ જ પ્રકારનો કોર્સ આ યુનિવર્સિટી ચલાવતી હોઈ, ચર્ચા વિચારણાને અંતે એડમિશન તબદીલ કરવામાં કોઈ હરકત સરખું ના લાગતું હોઈ મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું.

એજન્ડા-૧૨ પરીક્ષા વિભાગ દ્વારા યોજાતી વિવિધ પરીક્ષાના રેગ્યુલેશનની મંજૂરી અંગે ચર્ચા વિચારણા અંગે.

ઠરાવ-૧૨ પરીક્ષા વિભાગના વિવિધ પરીક્ષાલક્ષી રેગ્યુલેશનને આગામી એકેડેમીક કાઉન્સીલની બેઠકમાં પુનર્ગઠીત કરીને બાદમાં ફરીથી મૂકવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ હતું.

મિટિંગના અંતે રજીસ્ટ્રાર દ્વારા સર્વે સભ્યોનો તેઓના યોગદાન બદલ અને ઉપસ્થિત રહી માર્ગદર્શન અંગે આભાર માનવામાં આવ્યો.

તા. ૨૫|05|૨૦૧૯

ડો. મધુસૂદન મકવાણા
સભ્ય-સચિવ, એકેડેમીક કાઉન્સીલપબહૂ



Scanned with CamScanner